બિન સરકારી માધ્યમિક શાળાઓને સહાયક અનુદાન
આપવાની સંહિતા નક્કી કરવા અંગે.......

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૮૩-૫૯૫૫૮-ગ,
સચિવાલય ગાંધીનગર તા.૨૨-૧૨-૮૩...

ઠરાવ.

સરકારશ્રી સમક્ષ એવી રજુઆત કરવામાં આવી છે કે બિન સરકારી માધ્ય.શાળામાં કામ કરતા પટાવાળાઓને બઢતીની કોઇ તકો નથી.તેથી ઘણી વખત તેઓ યોગ્ય લાયકાત ધરાવતા હોવા છતાં તેઓને બઢતીની - યોગ્ય તક મળતી નથી, જે યોગ્ય નથી.આ બાબતમાં ગુજરાત રાજ્ય બિન-સરકારી માધ્યમિક શાળા શિક્ષકેત્તર કર્મચારી સંઘ મહામંડળ તરફથી પણ સરકારશ્રીમાં રજુઆત કરવામાં આવી છે. લાંબી નોકરીવાળા અને કારકુન તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતા માધ્યમિક શાળાઓના પટાવાળાઓને અન્યાય ના થાય અને તેઓને બઢતીની યોગ્ય તક મળે તે સારુ ગ્રાંટ-ઇન-એઇડ કોડ, ૧૯૬૪ માં જોગવાઇ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે ગ્રાંટ-ઇન-એઇડ કોડ, ૧૯૬૪ ના નિયમ ૫૫.૨ : આ હેઠળ નીચે મુજબની જોગવાઇ ઉમેરવાનુ આથી સરકારશ્રી ઠરાવે છે.

૫૫.૨ :બ: બિન સરકારી માધ્યમિક શાળામાં કામ કરતાં અને જરુરી શૈક્ષણિક લાયકાત ધરાવતા પટાવાળાઓને બઢતીની તકો મળી રહે તે માટે જુનીયર કારકુનની જગા સીધી ભરતીથી નહીં ભરતાં, જે તે શાળામાં વર્ગ-૪ માં :પટાવાળા :કોઇ કર્મચારી, બિન સરકારી માધ્યમિક શાળામાં કારકુન થવાની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય અને પટાવાળા તરીકેની ઓછામાં ઓછી ત્રણ વર્ષની સળંગ નોકરી કરી હોય, તેવા પટાવાળાઓને જુનીયર કલાર્ક તરીકે બઢતી આપીને ભરવી. શાળામાં જો આવા જરુરી લાયકાત ધરાવતા કર્મચારીઓ/પટાવાળા/ઉપલબ્ધ ના હોય તો જ જુનિયર કલાર્કની જગ્યા સીધી ભરતીથીભરવી, આ પધ્ધતિ મુજબની નિમણુંકો ગ્રાંટને પાત્ર ઠરશે.અન્યથા કરેલી નિમણુંક અંગેની તમામ જવાબદારી જે તે સંસ્થાની રહેશે.અને તેવી નિમણુંક સહાયક અનુદાનને માટે પાત્ર ઠરશે નહીં.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી :- અવાચ્ય,
અંબાલાલ જ. પટેલ, ::
સેક્શન અધિકારી,
શિક્ષણ વિભાગ.

-o-o-o-o-o-o-o-o-o-

ક્રમાંક: ઉમા/બ-૩/બઢતી/૮૯૪૫-૯૨૪૫
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
રાજકોટ તા.૨૫-૧-૧૯૮૪.

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક શાળા,
રાજકોટ જિલ્લો ---- ઠરાવનો ચુસ્તપણે અમલ કરવા સારુ...

જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ.

તમામ શિ.નિ.શ્રી તથા મ.શિ.નિ.શ્રીઓ
તરફ જાણ તથા અમલાર્થે..
તમામ ગ્રાંટ ગણતરી કરતા કર્મચારીઓ તરફ...
બિન શૈક્ષણિક કર્મચારી સંઘ,
c/o કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ, રાજકોટ તરફ......

-o-o-o-o-o-o-